જૈનમુનીઓ પર થતા હૂમલાઓને લઈને રાજયપાલને આવેદનપત્ર અપાયુ

ગાંધીનગર, તા. ૨૧

ક્રાંતિકારી રાષ્ટ્રીય સંત અલ્પસંખ્યક જૈનાચાર્ય શ્રી સંજયમુનીજી મહારાજ છેલ્લા ૩૦ વર્ષોથી દેશ તથા વિદેશોમાં અભયદાન, જીવદયા, ગૌરક્ષા, નશામુક્તિ, સંસ્કાર સેવા શિક્ષણ જેવા વિશ્વવ્યાપી સંદેશ અભિયાન સાથે કન્યા ભ્રુણ હત્યાના વિરોધમાં વિહાર કરતા હોય છે. તે સમયે તેઓની સાથે મોટી સંખ્યામાં વાહનો તથા અનુયાયીઓ જોડાયેલા હોય છે. ઉપરાંત તેઓ જે સ્થળે જાય છે, ત્યાં તેઓના લાખો અનુયાયીઓ સંસ્કાર શિક્ષા ધર્મ અભિયાનમાં જોડાતા હોય છે. તેઓશ્રીને છત્તીસગઢ, મધ્યપ્રદેશ, ઝારખંડ, રાજસ્થાન જેવા અનેક રાજ્યોના મુખ્ય અતિથિ તરીકે સન્માન મળેલ છે. છેલ્લા કેટલાંક સમયથી ગુજરાત સહિત અનેક રાજ્યોમાં વિહાર કરતા જૈનમુનિઓ કે જેઓને વિહાર સમયે અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે. તેઓ ઉપર પ્રાણઘાતક હુમલાઓ થતા હોય છે, આ હુમલાઓ, વિહાર કરતી સમયે ખાસ કરીને ટ્રક દ્વારા જ થતા હોય છે.

જેમાં સાધુમુનિશ્રીઓ તત્કાલ દેવગમન(મૃત્યુ) થતા હોય છે. આ હૂમલાઓ થવા પાછળ સાધુસંત સમાજ તથા જૈન સમાજને કોઈ અસામાજિક તત્વોનું કે અન્યો દ્વારા ષડયંત્ર હોવાનું અનુમાન હોવાથી તેમજ આ બનાવો ખુબ જ ઓછા સમયમાં વ્યાપક પ્રમાણમાં બન્યા છે. આથી, આવા બનાવો બનતા અટકે તે માટે એક ખાસ સમિતિ બનાવી તે અંગે તપાસ કરવા તથા આચાર્યશ્રી સંજયમુનિજી મહારાજ સાહેબને તેઓના અહિંસા અભિયાન અંતર્ગત પગપાળા વિહાર કરવાનું હોય છે. આવા સમયે તેઓશ્રીને પોલીસ પેટ્રોલિંગ સુરક્ષા આપવા તથા કતલખાના સંપૂર્ણપણે બંધ કરવા માટે અલ્પસંખ્યક જૈનાચાર્ય શ્રી સંજયમુનીજી મહારાજ, રાજ્યપાલશ્રીને મળ્યા હતા. અને આવેદનપત્ર આપ્યું હતું. આ પ્રસંગે તેઓની સાથે, ટ્રસ્ટના રાષ્ટ્રીય પ્રવક્તા શ્રી પ્રદિપ જૈન બાકલીવાલ, મધ્યપ્રદેશના શ્રી સુરેન્દ્રજી ગણગૌર, શ્રી અરવિંદજી તથા હર્ષિતભાઈ દ્વારા રાજ્યપાલશ્રીનું શાલ ઓઢાડીને તથા ભગવાન મહાવીર સ્વામીનો ફોટો આપીને બહુમાન કરાયું હતું.

માનવ જીવનમાં 'સ્ત્રી'નું સ્થાન મહામુલું છે. માતા, પુત્રી, પત્નિ, બહેન દરેક ફરજ બખુબી સ્ત્રી નિભાવે છે. નારી શકિત, નારી તું નારાયણી જેવા અનેક સન્માનનીય કથનો અને ઉકિત કહેવાઈ છે. લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર દ્વારા શનિવારે સેકટર-૨૧ માઉન્ટ કાર્મેલ શાળામાં 'વન્ડર વુમન' અંતર્ગત શહેરની મહિલાઓનો અનોખો કાર્યક્રમ યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં મહિલાઓ પોતાના પરિવારને સાથે લઈ જીવનરાહમાં સુખરૂપ રીતે દરેક કાર્ય કરી પોતાનું અસ્તિત્વ પણ નીખારે છે તેવી આદર્શ ૧૦૦ જેટલી મહિલાઓએ ભાગ લીધો હતો.
(તસવીર : કશ્યપ નિમાવત)

સેકટર-૫માં પરિણીતાનો ઝેરી ગોળીઓ ખાઈ આપઘાત

ઘઉંમાં નાંખવાની ગોળી ખાઈ લઈ જીવનલીલા સંકેલી નાંખી

ગાંધીનગર, તા.૨૧

શહેરનાં સેકટર-૫ ખાતે રહેતી ૪ વર્ષીય પરિણીતાએ કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરે જ ઘઉંમાં નાંખવાની ગોળીઓ ખાઈ લીધી હતી. ગંભીર હાલતમાં તેણીને હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવામાં આવી હતી. જો કે સારવાર દરમિયાન તેણીએ દમ તોડી નાંખ્યો હતો. એક વર્ષ પહેલા જ લગ્ન સંબંધ બંધાયો હતો. સે-૭ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી ડીવાયએસપીએ વધુ તપાસ શરુ કરી છે.

ગાંધીનગર શહેરના સે-૫-એ પ્લોટ નં. ૨૯૫/૨ ખાતે રહેતા શાહીલ મહિતરના લગ્ન ૧ વર્ષ પહેલા સુમૈયા સાથે થયા હતા.સુમૈયા સે-૫માં સાસરીમાં જ રહેતી હતી. આજે સવારે સવા આઠ વાગ્યાના અરસામાં તેણીએ ઓશરીમાં જ કોઈ અગમ્ય કારણોસર ઘઉંમાં નાંખવાની ગોળીઓ ગળી લીધી હતી. ૨૪ વર્ષીય સુમૈયાને ગંભીર હાલતમાં હોસ્પિટલ લઈ જઈ આઈ.સી.યુ. વોર્ડમાં દાખલ કરવામાં આવી પરંતુ દવાની અસરથી તેણીનું ૨ કલાકમાં જ પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. સે-૭ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી પરિણીતાએ કરેલા આપઘાતનું કારણ બહાર લાવવા ગાંધીનગર ડિવીઝનના ડીવાયએસપએ વધુ તપાસ ચલાવી છે.

મહાત્મા મંદિરથી ઘ-૪ માર્ગ પરથી એકસેસ ચોરાયું

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરના મહાત્મા મંદિરથી ઘ-૪ જતાં માર્ગ પરથી ૧૮ ફેબ્રુઆરીએ પોણા નવ વાગ્યાના અરસામાં પાર્ક કરેલું એકસેસ નં. જીજે-૧૮-સી.એચ. ૬૯૪૧ કોઈ શખ્સ ચોરી કરીને ફરાર થઈ ગયું હતું. સેકટર-૪-ડી ખાતે રહતી ભાર્ગવી નટવરભાઈ ચૌધરીએ તેણીના ચોરી થઈ ગયેલા એકસેસ અંગે સે-૭ પોલીસ મથકમાં ફરીયાદ આપતા પીએસઆઈ એ.કે. ભરવાડે ગુનો દાખલ કરી વધુ તપાસ શરુ કરી છે.

પ્રાંતિજ ટોલટેકસ મામલો અંતે થાળે પડયો

પ્રાંતિજ, તા.૨૧

પ્રાંતિજ નેશનલ હાઈવે આઠ ઉપર સ્થિત કતપુર પાટીયા ટોલટેકસ આંદોલન સતત ૧૫ દિવસ બાદ જિલ્લા કલેકટર દ્વારા ટોલમુકત સમિતિ, ધારાસભ્ય તથા ભાજપ-કોંગ્રેસના પ્રમુખોની ઉપસ્થિતિમાં નિયમોની સાથે સમાધાન કરાયું હતું. જેમાં ૫૦ થી ૬૦ ટકા માંગણીઓ સ્વિકારી લેવામાં આવી હતી.

હિંમતનગર ખાતે સાબરકાંઠા જિલ્લાના કલેકટર કચેરીએ ટોલમકત સમિતિ તથા ધારાસભ્ય અને આગેવાનો અને ટોલ સંચાલકો હાજર રહ્યા હતા. જેમાં ટોલ મુકત તાલુકો તથા સર્વિસ રોડ તથા ટોલ બુથ સંપૂર્ણ નાબુદ કરવા જેવી માંગણી સાથે ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા એ દિલ્હી પત્ર લખી કાયમી ટોલટેકસ નાબુદ કરવા માટે તથા દૂર ના થાય ત્યાં સુધી પ્રાંતિજ તાલુકાના વાહન ચાલકો માટે ટોલ મુકત અથવા સર્વિસ રોડ મળે તેવી લેખિત રજુઆત કરી હતી.

૧૬૦ કરોડનો ખર્ચ થયેલ છે. ટોલટેકસ બનાવવામાં અને ૯૪.૨ કરોડની રકમ વસુલ થઈ ગઈ છે જયારે વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૪ સુધીની થયેલ રકમ ઉમેરવાની થાય તો કરેલ ખર્ચની મોટા ભાગની રકમ ભરપાઈ થઈ ગઈ છે. જેથી ટોલટેકસમાંથી પ્રાંતિજ તથા તાલુકાની જનતાને કાયમ માટે મુકિત મળે તે માટે લડત શરુ કરી છે. ૧૨૨થી પણ વધારે ટોલટેકસ બુથ બંધ કરવાની સરકારની જાહેરાત છે. જેમાં પ્રાંતિજના કતપુર પાટીયા ટોલબુથનો પણ સમાવેશ થાય અને આવરી લેવામાં આવે તે માટે ધારાસભ્ય દ્વારા લેખિતમાં ધ્યાન દોરવામાં આવ્યું હતું. આથી સ્થાનિકોમાં ખુશી જોવા મળી છે અને આંદોલન સમેટી લેવામાં આવ્યું છે.

જાખોરાથી ગુમ થયેલા યુવાનનો બે મહિનાથી કોઈ પત્તો નથી

ગાંધીનગર, તા.૨૧

પાટણ જિલ્લાના રાધનપુર વિસ્તારના મુળ રહેવાસી અને હાલ ગાંધીનગરના માધવગઢ ગામમાં રહેતા ૩૦ વર્ષીય યુવાન હિરાભાઈ અજમલજી મકવાણા માનસિક બિમારીથી પિડાતા હતા. જાખોરા ગામમાંથી બે માસથી ગુમ થઈ ગયેલા હિરાભાઈનો આજ દિન સુધી કોઈ જ પત્તો લાગ્યો નથી. ગુમ યુવાનના ભાઈ મસાજી મકવાણાની અરજીને આધારે ચિલોડા પોલીસે જાણવા જોગ નોંધીને વધુ તપાસ શરુ કરી છે.

(તસવીર : સમીર બલોચ, મોડાસા)

અરવ્લ્લી જિલ્લા ની શામળાજી ખાતે આવેલ રતનપુર ચેકપોસ્ટ એ રાજસ્થાની સરહદ ને અડી ને આવેલી ચેક પોસ્ટ છે જેને લઈ ને બુટલેગરો ધ્વારા અવાર નવાર પોલીસ ની આંખ માં ધુળ નાખી ગુજરાત માં દારૂબંધી હોવા છતાં પણ દારસ ઘુસાડવા માં આવે છે. ત્યારે હોળી નો તહેવાર નજીક આવતો હોઈ શામળાજી પીએસઆઈ એ કે વાળા ધ્વારા દારૂ ની હેરાફેરી કરતાં સામે છેલ્લા કેટલાય સમય થી લાલ આંખ કરી ગુજરાત માં ઘુસાડાતો કરોડો રૂપીયાનો દારૂ ઝડપી પાડી આરોપીઓ ને જેલ ભેગા કર્યા છે જયારે આજ રોજ શામળાજી પીએસઆઈ ને બાતમી મળી હતી કે રતનપુર ચેક પોસ્ટ પર થી એક ટ્રક માં દારૂ ભરી ગુજરાત માં ઘુસાડવા માં આવી રહયો છે ત્યારે ચેક પોસ્ટ પર પોતાની ટીમ સાથે નાકાબંધી કરી ને બાતમી નો ટ્રક આવતા તપાસ કરતાં તેમાંથી વિદેશી માર્કા ની ૭૭૦ પેટી દારૂ મળી આવ્યો હતો જેથી આ અંગે શામળાજી પીએસઆઈ એ કે વાળા એ પરવિન્દ્રસીંગ (રહે.હરિયાણા) વિરૂધ્ધ ગુનો નોધી દારૂ સહીત કુલ ૪૨ લાખ નો મુદ્દમાલ ઝડપી પાડયો હતો

લણવા ખાતે સ્વાઈન ફ્લુ જાગૃતિ શિબિર યોજાશે

મહેસાણા, તા. ૨૧

રાજ્યમાં સ્વાઈન ફ્લુને રોકવા માટે તંત્ર સતત પણે સજ્જ થઈ સામનો કરી રહ્યું છે. તેમ છતાં સ્વાઈન ફ્લુના કેસોમાં ઘટાડો થતો નથી. સ્વાઈન ફ્લુના રોગને અટકાવવા માટે જન જાગૃતિ અભિયાનના ભાગરૂપે તથા તેના માર્ગદર્શન માટે લણવા રેફરલ હોસ્પિટલ તા. ચાણસ્મા ખાતે મહેસાણાની સેવાશ્રમ ફાઉન્ડેશન દ્વારા એક શિબિરનું આયોજન કરેલ છે. આ શિબિરમાં રેફરલ હોસ્પિટલના મુખ્ય ડૉક્ટર તથા સેવાશ્રમ ફાઉન્ડેશનના પ્રમુખ તેમજ વિશેષ અતિથિ ગણ ઉપસ્થિત રહેશે. તા. ૨૫-૨-૨૦૧૫ બુધવાર બપોર ૧.૦૦ કલાકથી સાંજના ૪.૦૦ કલાક સુધી આયોજન કરેલ છે. જેનો આજુબાજુની જનતાએ લાભ લેવા સેવાશ્રમ ફાઉન્ડેશન મહેસાણાના પ્રમુખની યાદીમાં જણાવ્યું છે.

વાવોલ એમ.બી. પટેલ વિદ્યાલયમાં શુભેચ્છા સમારોહ યોજાયો

વાવોલની એમ.બી. પટેલ સાર્વજનિક વિદ્યાલયમાં ધોરણ-૧૦ બોર્ડની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓનો શુભેચ્છા સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે વિદ્યાર્થીઓને પરીક્ષા લક્ષી માર્ગદર્શન અને દેશના સારા નાગરિક બનવા માટે જણાવ્યું હતું. આ પ્રસંગે પોપટભાઈ પટેલ, ઈ.પી. દેસાઈ, પ્રો. પૃથ્વીભાઈ શાહ સહિત શાળા પરિવાર અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

સ્વાઈન ફ્લુનો કહેર

● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્વાઈન ફ્લુના દર્દીઓની સંખ્યા કુલ ૧૦૫ થઈ છે. જ્યારે હાલ ૫૧ દાખલ દર્દીઓ પૈકી ૩ વેન્ટીલેટર પર સારવાર હેઠળ છે. જ્યારે ૪૫ દર્દીઓ સાજા થતા હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી છે. સ્વાઈન ફ્લુનો રોગચાળો નિયંત્રણમાં ન આવતા આરોગ્યતંત્ર પણ ચિંતામાં ગરકાવ થઈ ગયું છે. બીજીતરફ જિલ્લાના પ્રભારી સચિવે પણ સમીક્ષા બેઠક દરમિયાન શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં રીસર્વે કરવા સૂચના આપી છે.

જોઈએ છે
ટીપ્પણ મેડીકલ કેર તથા પ્રોપ્યુટર જાણકાર
સંપર્ક : ફોન - XXXXXXXX
ટચૂકડી જાહેર ખબર

જોઈએ છે
હોસ્પિટલ માટે
● મેડીકલ ઓફીસર
● નર્સિંગ સ્ટાફ
શાશ્વત હોસ્પિટલ
પ્લોટ નં. ૧/૧,
સેકટર-૩એ, ગાંધીનગર
Ph : 8141363323

Counsellor / Teacher
A Pre School in Sec-1, needs counsellor and Teachers. Flkuent in English, Dynamic, Fair
Mail : desai.malay@yahoo.com
(M) 9712651499

જોઈએ છે
ગાંધીનગર રેસ્ટોરન્ટ માટે સ્ટાફ જોઈએ છે.
(કીચન તેમજ વેઈટરી સ્ટાફ)
મો. ૮૪૮૫૯૮૭૮૬૫
મો. ૯૮૨૫૩૦૮૫૫૨

વજન ઘટાડો / વધારો
ગમે તેવા જૂના હરસ, મસા, હૃદયના રોગો, કોલેસ્ટેરોલ કંન્ટ્રોલ, વર્ષો જુની કબજિયાતનો સચોટ ઈલાજ ૧૦૦% સુરક્ષિત/કુદરતી
મો : ૯૦૩૩૨૩૨૧૬૩

રસોઈયા બેન
જોઈએ છે
ગાંધીનગર જિલ્લાના માણસા પાસે પ્રતાપનગર (મકાખાડ સ્ટેશન) ગામમાં રસોઈ બનાવવા માટે બેન જોઈએ છે. પગાર+ રહેવા જમવાની સગવડ
મો : ૯૯૨૪૩ ૫૫૩૫૯

ઉપાસના સુવિધા
ચૈત્ર તથા આસો માસામાં પોતાની રીતે ઉપાસના કરવા ઈચ્છતા ધર્મપ્રેમી સજ્જનોને ભોજન તેમજ રહેવાની સગવડ કરી આપવામાં આવશે.
પ્રતાપનગર (મકાખાડ સ્ટેશન), માણસા
મો : ૯૯૨૪૩ ૫૫૩૫૯

મકાન જોઈએ છે
ગાંધીનગરમાં મોટા 3BHK સ્વતંત્ર, ખુલ્લી જગ્યા સાથે વેચાણ અથવા ભાડે માટે સંપર્ક
મો. ૯૪૨૮૭ ૪૭૭૧૩
મો. ૯૯૨૪૩ ૫૫૩૫૯

ભાડે આપવાનું છે
સેકટર-૧૪માં મકાન ભાડે આપવાનું છે.
મો : ૯૪૨૭૦ ૫૧૮૩૪
મો : ૯૪૨૮૦ ૫૦૭૩૨

શબ્દાવલી - ૫૬૫૦



આડી ચાવી

૧. એક રાગ, ઋતુરાજ (૩)
૩. શિશિરઋતુ, પાન ખરી જાય તે (૪)
૬. પત્ર, ચિઠ્ઠી (૨)
૭. ભયસુચક વ્હીસલ (૪)
૮. સફેદ, નિર્મળ સ્વચ્છ (૩)
૯. કર્ણ, શરીરની ઇન્દ્રિય (૨)
૧૧. વ્હીકલ બનાવતી એક કંપની (૩)
૧૨. સુગંધ, સુવાસ (૪)
૧૩. શોધ, પત્તો (૨)
૧૪. તેજ, શોભા, કાન્તિ (૨)
૧૫. સુબો, મુસ્લિમ રાજા (૩)
૧૭. ઉચિત, યોગ્ય હોવું તે (૪)
૧૮. તેલીબીયાનો કૂચો (૨)
૨૦. સવારમાં ખાસ પીવાતું પીણુ (૧)
૨૧. દુઃખ, પીડા (૩)
૨૨. પરિણામ, ફળ (૩)

ઊભી ચાવી

૧. સમય, કાળ (૩)
૨. સાધુ, સન્યાસી (૨)
૩. ઝાંઝર, પગની શેર (૩)
૪. માણસ (૨)
૫. ઝાંઝરથી થતો અવાજ(૪)
૭. સિંહ, વનરાજ (૩)
૮. વાવટો, ધ્વજ (૨)
૧૦. આકાશ, ગગન (૨)
૧૧. બળવો કરનાર (૫)
૧૨. સધવા, સુહાગણ (૫)
૧૩. શુદ્ધિ, હોશ (૨)
૧૪. યોજના કે વ્યવસ્થા કરવી તે (૪)
૧૬. ગોવંશનું નર પ્રાણી (૩)

શબ્દાવલી ૫૬૪૯ના જવાબ

આડી ચાવી :- (૧) સચીન તેંડુલકર (૫) મન (૬) મેજર (૭) કરંટ (૯) કરજ (૧૦) ગાલાવેલી (૧૩) વિક (૧૪) ગુજરાત (૧૫) તાસ (૧૬) નખ (૧૮) રસરંજન

ઊભી ચાવી :- (૧) સમર્થ (૨) ચીન (૩) લશ્કર (૪) રહેમ (૬) મેટ (૭) કરકસર (૮) રંજ (૯) કવિતા (૧૦) ગાજવીજ (૧૧) લારા (૧૨) વેતન (૧૭) ખત

SANGHI CEMENT
KisaN
ashirvad
C. PVC, UPVC
TATA
STEEL • PIPES • SHEETS
VINAYAK 500
TMT BARS - ISI
BENELAVE
BATH FITTINGS
DR.FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર)
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ગુજરાત સરકારના વિવિધ ક્ષેત્રોમાં ભરતી!
તલાટી 2400 જગ્યાઓ
Dy.SO/નાયબ મામલતદાર 600+ જગ્યાઓ
(સંભવિત માર્ચ-2015)
PSI / ASI / કોન્સ્ટેબલ 8000+ જગ્યાઓ

PSI (ફી માત્ર ₹ 28,000/-)

	બેચ શરૂ થવાની તારીખ	બેચનો સમય	ભણવાના દિવસ
ગાંધીનગર	24.02.2015	સવારના 7-00 થી 9-30	સોમ થી શુક્ર
ગાંધીનગર	23.02.2015	સાંજના 6-30 થી 9-00	સોમ થી શુક્ર
મહેસાણા શાખા માટે	26.02.2015	બપોરના 9-00 થી 11-30	શુક્ર થી મંગળ

ASI / કોન્સ્ટેબલ / જેલ સિપાહી (ફી માત્ર ₹ 14,000/-)

	બેચ શરૂ થવાની તારીખ	બેચનો સમય	ભણવાના દિવસ
ગાંધીનગર	23.02.2015	બપોરના 12-00 થી 2-00	સોમ થી શુક્ર
મહેસાણા શાખા માટે	26.02.2015	બપોરના 11-15 થી 1-15	શુક્ર થી મંગળ

તલાટી (ફી માત્ર ₹ 18,000/-)

	બેચ શરૂ થવાની તારીખ	બેચનો સમય	ભણવાના દિવસ
ગાંધીનગર	27.02.2015	બપોરના 2-15 થી 4-15	સોમ થી શુક્ર
ગાંધીનગર	28.02.2015	બપોરના 12-30 થી 2-30	શનિ / રવિ
મહેસાણા શાખા માટે	26.02.2015	બપોરના 1-30 થી 3-30	શુક્ર થી મંગળ

Dy.SO/નાયબ મામલતદાર (ફી માત્ર ₹ 24,000/-)

	બેચ શરૂ થવાની તારીખ	બેચનો સમય	ભણવાના દિવસ
ગાંધીનગર	26.02.2015	બપોરના 3-00 થી 6-00	શનિ / રવિ
મહેસાણા શાખા માટે	27.02.2015	બપોરના 3-45 થી 5-45	શુક્ર થી મંગળ

સંપૂર્ણ અદ્યતન સાહિત્ય FREE
સંપૂર્ણ પરીક્ષા સુધીનો કોર્ષ
26.01.1994 થી સ્પર્ધાત્મક પરીક્ષાઓના ક્ષેત્રમાં કાર્યરત
TCCI EDUCATION PVT. LTD.
ગાંધીનગર 9537614606 — પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ચ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેક્ટર-7/A. સંપર્ક : સોમ થી શનિ (બપોરના 3.00 થી 4.00 સુધી)
પ્રથમ માળ, ચિરાગ પ્લાઝા, આર્યન વર્લ્ડ વાઈડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ. સંપર્ક : સોમ થી શનિ (સવારના 10.00 થી 4.30 સુધી) — મહેસાણા 9537614607